ગાંધીનગર સમાચાર

# મા-માતૃભાષા અને માતૃભૂમિ સ્વર્ગથી પણ અદકેરી છે

- માતૃભાષા દિન નિમિત્તે

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ગુરુજી... સાંભળી લો... તમારી પાસેથી ચાર વર્ષ જ્ઞાન લઉં છું પરંતુ કાંઇ થતું નથી... તો... મોબાઇલ પોર્ટેબીલીટીની જેમ ગુરુ - પોર્ટેબીલીટીનો કાયદો વાપરીને બીજે જતો રહીશ...

# ટાઉનહોલના બગીચામાં પાણીનો કકળાટ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરની મધ્યમાં આવેલ ટાઉનહોલ નગરની આન, બાન અને શાન છે. શહેરના જોવા લાયક સ્થળોમાં ઉત્કૃષ્ટ નમુના સમાન ટાઉનહોલના પટાંગણમાં ૩ ગાર્ડન આવેલા છે. આ ગાર્ડન યોગ્ય જાળવણીના અભાવે બિસ્માર બની રહ્યા છે. જયારે ટાઉનહોલની શોભામાં અભિવૃધ્ધિ કરતો ફુવારો છેલ્લા ઘણા વર્ષોથી બંધ હાલતમાં છે. જયારે ગાર્ડનની જાળવણી માટે ટાઉનહોલમાંથી પાણીનો ઉપયોગ કરવામાં આવે છે જેથી હોલમાં કાર્યક્રમ હોય તો કર્મચારીઓને પણ પાણી ના આવતા લોકોના રોષનો ભોગ બનવાનો વારો આવે છે. ત્યારે સાંસ્કૃતિક કાર્યક્રમોની જયા અભિવ્યકિત થાય છે તેવા ટાઉનહોલના ગાર્ડનની માવજતમાં બાગાયત તંત્ર ઉણું ઉતર્યુ હોય તેવું કલા રસિકોને લાગી રહ્યું છે. જયારે વર્ષોથી બંધ રહેલા ટાઉનહોલની શોભા સમાન ફુવારા ઝડપી કાર્યરત થાય તેવું નગરજનો ઈચ્છી રહ્યા છે.

**વર્ષોથી બંધ રહેલો ફુવારો કયારે શરુ થશે તેની રાહ નગરજનો જોઈ રહ્યા છે**



શહેરના સેકટર - ૧૭ ખાતે આવેલ ટાઉનહોલ નગરની આગવી ઓળખ સમાન છે. શહેરની સંસ્થાઓ દ્વારા સાંસ્કૃતિક તેમજ સાહિત્યના કાર્યક્રમો યોજાય છે. ત્યારે નગરના ટાઉનહોલ સંકુલમાં ૩ નાના ગાર્ડન તંત્ર દ્વારા તૈયાર કરાયા હતા. પરંતુ આ ગાર્ડનની યોગ્ય જાળવણીના અભાવે બિસ્માર હાલતમાં છે. મહિનામાં એકવાર બાગાયત વિભાગના કર્મચારીઓ આવે છે તેમજ ટેન્કરથી પાણી છાંટી જતા રહે છે.

જયારે ગાર્ડનને હરિયાળો રાખવા માટે ટાઉનહોલમાંથી પાણીની વ્યવસ્થા કરવામાં આવે છે જેને પગલે કાર્યક્રમ દરમિયાન પાણી પુરુ થયુ જાય તો હોલના ક્રમચારીઓને ખરી ખોટી સાંભળવી પડે છે. ગાર્ડનમાં પાણી માટે નળ નાંખવામાં આવ્યો છે પરંતુ આ નળમાં પાણી તંત્ર દ્વારા કયારે અપાશે તે કોઈ કહી શકતું નથી. ટાઉનહોલની શોભામાં વધારવા માટે સુંદર ફુવારો મુકવામાં આવ્યો છે પરંતુ આ ફુવારો છેલ્લા ઘણા સમયથી બંધ છે પરંતુ ટાઉનહોલ ખાતે કોઈ રાજકીય આગેવાન કાર્યક્રમમાં આવવાના હોય ત્યારે આ ફુવારો કાર્યરત થઈ જાય છે. ત્યારબાદ પરિસ્થિત પાછી યથાવત રહેવા પામે છે. ટાઉનહોલમાં પાણીનો કકળાટ જોવ મળી રહ્યો છે ત્યારે ગાર્ડનને હરીયાળા રાખવા માટે તંત્ર દ્વારા પાણીની વ્યવસ્થા ઉભી કરવામાં આવે તેવી નગરજનોની લાગણી અને માંગણી છે.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લામાં સતત ત્રણ દિવસથી રહેતા વાદળછાયા વાતાવરણને લઈ ખેડૂતો ચિંતાતુર બન્યા છે. જીરૂ, વરિયાળીના પાક પર વિપરીત અસરો થવાની સંભાવનાને લઈ તેઓ ચિંતીત બન્યા છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં પંચાયતીરાજ સશક્તીકરણ પુરસ્કાર અંતર્ગત ૨૦૧૪-૧૫ની કામગીરીના મૂલ્યાંકન અંગેની કામગીરી બે દિવસની વ્યાપક બેઠકોને અંતે સંપન્ન થઈ છે.

● ગાંધીનગર શહેરમાંથી સ્વાઈન ફલુના મળેલા બે શંકાસ્પદ કેસના રિપોર્ટ નેગેટીવ આવતાં આજે તંત્રએ રાહતનો દમ લીધો છે.

● રાજયના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ સવારે ૮.૩૦ કલાકે પલ્સ પોલિયો અભિયાનના બીજા રાઉન્ડનો કોમ્યુનીટી સેન્ટર ખાતે આરંભ કરાવશે.

● સંસ્કૃતિકુંજ ખાતે આજે વસંતોત્સવનો પ્રારંભ થશે.

● ગાંધીનગરથી સરખેજ જતી બસોના રૂટોમાં સવારના સમયે વધારો કરવાની માંગ વાલી જગતમાં તીવ્ર બની રહી છે.

# ગિયોડ પાટીયા પાસેથી દારૂ ભરેલી વર્ના ગાડી ઝડપાઈ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર એલસીબીની ટીમે બાતમીને આધારે હિંમતનગર-ચિલોડા હાઈવે પર ગિયોડ પાટીયા પાસે વૉચ ગોઠવીને દારૂનો જથ્થો ભરેલી વર્ના ગાડી પકડી પાડી હતી. ગાડી રોકવા જતા વર્ના મુકીને ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. એલસીબીએ ૫૫૨ નંગ દારૂની બોટલનો જથ્થો તથા વર્ના મળી કુલ રૂ. ૫.૫૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી ચિલોડા પોલીસને સોંપી છે.

એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની સુચનાથી તેમની ટીમના પીએસઆઈ એચ.કે. સોલંકી તથા ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે કોન્સ્ટેબલ કેતનકુમારને ચોકકસ બાતમી મળી હતી કે હિંમતનગર હાઈવેથી ચિલોડા તરફ વર્ના ગાડી નં. જીજે ૬ એફસી ૪૧૧૮ પસાર થઈ રહી છે જેમાં દારૂનો જથ્થો ભરેલો છે તેને આધારે એલસીબીની ટીમ વૉચમાં ગોઠવાઈ ગઈ હતી અને ગિયોડ પાટીયા પાસેથી વર્ના ગાડી પકડી પાડી હતી. દરમિયાન તેનો ડ્રાઈવર ગાડી મુકીને ફરાર થઈ ગયો હતો. વર્ના ગાડી ખોલીને અંદર તપાસ કરતાં તેમાંથી ૫૫૨ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. રૂ. ૫૫,૨૦૦ની કિંમતનો દારૂ તથા કાર મળીને કુલ રૂ. ૫,૫૫,૨૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરીને પોલીસે વધુ કાર્યવાહી ચિલોડા પોલીસને સોંપી દીધી છે. આરોપીઓ પકડવા પોલીસે વર્નાના નંબરને આધારે તપાસ આરંભી છે.

# ચૂંટણીને પગલે પેથાપુરમાં ચાંપતો પોલીસ બંદોબસ્ત

## ૧૮ બુથ પૈકી ૮ સંવેનશીલ : ૧૦૦થી વધુ પોલીસ બંદોબસ્તમાં તૈનાત

ગાંધીનગર, તા.૨૦

પેથાપુર નગરપાલિકાની કાલે રવિવારે ચુંટણી છે. ભાજપ-કોંગ્રેસ વચ્ચે રસાકસી ભરી આ ચુંટણીમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પેથાપુરમાં ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. એલસીબી, એસઓજી સહિત સ્થાનિક પોલીસ મળી ૧૦૦થી વધુ પોલીસ પેથાપુરમાં તૈનાત રહેશે.

પેથાપુર નગરપાલિકા ચુંટણીમાં ૧૮ ચુંટણી બુથ છે જે પૈકી ૮ બુથ સંવેદનશીલ હોવાથી તે બુથો પર પોલીસની વિશેષ નજર રહેશે. ભાજપ-કોંગ્રેસ વચ્ચે પેથાપુર નગરપાલિકા વિસ્તારમાં કાંટે કી ટકકર રહેશે. જેને પરિણામે આ ચુંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સ્થાનિક પોલીસ સ્ટેશન ઉપરાંત આસપાસના પોલીસ સ્ટેશનના જવાનો તથા એલસીબી અને એસઓજીની ટીમો પેથાપુર ખાતે ચુંટણી બંદોબસ્તમાં જોડવામાં આવશે. ૧૦૦થી વધુ પોલીસ અધિકારીઓ-કર્મચારીઓ ચુંટણી બંદોબસ્ત માટે પેથાપુરમાં તૈનાત કરવામાં આવનાર છે.

## ગાંધીનગર જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના પ્રમુખ પદે હિતેષ રાવલ

ગાંધીનગર, તા.૨૦

નરેન્દ્ર મોદી વિચાર મંચના ગુજરાત રાજય ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના વાઈસ પ્રેસીડેન્ટ કલ્પેશ એન. દવે દ્વારા ગાંધીનગર જિલ્લા મેનેજમેન્ટ સેલમાં પ્રમુખ તરીકે એડવોકેટ હિતેષ ભાલચંદ્ર રાવલની નિમણુંક કરવામાં આવી છે. જેઓને સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા, રેડક્રોસ સોસાયટી અને જુનિયર સિટિઝન્સ કાઉન્સીલે અભિનંદન પાઠવ્યા છે.

## આદરજ મોટીથી વિજાપુર રેલવેને બ્રોજગેજમાં રૂપાંતર કરવા માટે ઉગ્ર રજુઆત

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરને રેલવે સુવિધા આપવા માટે કલોલથી આદરજ મોટી સુધી મીટરગેજ લાઈનને બ્રોડગેજમાં ફેરવતા આદરજ મોટીથી વિજાપુર મીટરગેજમાં લાઈન પડી રહેવા પામી છે. મીટરગેજ લાઈનને બ્રોડગ્રેજમાં ફેરવવા માટે કિસાનનગર વસાહત મંડળના પ્રમુખ પ્રો. ડાહ્યાભાઈ પટેલ દ્વારા વડાપ્રધાન, રેલવેમંત્રી તથા સંસદસભ્યશ્રીને વારંવાર લેખિત રજૂઆત કરેલ છે. પરંતુ સાંસદ સભ્યશ્રી લાલકૃષ્ણ અડવાણીજી સિવાય કોઈનો જવાબ મળેલ નથી. આ લાઈન ઉપર દોડતી ગાડીઓનો લાભ મહેસાણા-ગાંધીનગર જિલ્લાની જનતા માટે લેતી હતી. પરંતુ ગેજ બદલતા આ લાભ છીનવાઈ ગયો છે. આદરજ મોટીથી વિજાપુર સુધીની મીટરગેજ લાઈનનું બ્રોડગેજમાં રૂપાંતર કરવાની માંગ ઉઠી છે.




**જગ્યા ભાડે આપવાની છે**

સેક્ટર-૨૮, ૧૦૧/૧/૪, જીઆઈડીસી, જલારામ આઈસ ફેક્ટરી સામે, ગાંધીનગર

(૧) બેઝમેન્ટ માપ - ૧૬૫૦ ફૂટ

(૨) ગ્રાઉન્ડ ફ્લોર માપ - ૧૬૫૦ ફૂટ

(૩) પહેલો માળ માપ - ૧૬૫૦ ફૂટ

તથા આગળનો શો-રૂમ માપ : ફૂટ ૯૦૦

**સંપર્ક ૯૮૨૪૨ ૩૭૦૦૮**

**જગ્યા ભાડે આપવાની છે**

શ્રી સ્કવેર, પેથાપુર ચાર રસ્તા, પેથાપુર - ગાંધીનગર રોડ

પંપની લાઈનમાં, પેથાપુર

ગ્રાઉન્ડ ફ્લોર - કોર્નર દુકાન

માપ : કારપેટ - ૫૫૦ ફૂટ

**સંપર્ક : ૯૮૨૪૨ ૩૭૦૦૮**

